# રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૧૬૯ કેસ

## કોરોનાને લીધે ૮નાં મૃત્યુ : અત્યાર સુધીમાં ૧૩૩૭૫૨ લોકો ડિસ્ચાર્જ થયા જ્યારે ૩૫૭૭ના મૃત્યુ થયા : એક્ટિવ કેસની સંખ્યા ૧૫૪૩૬

ગાંધીનગર,તા.૧૨
રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે ગંભીર થતી જાય છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૪૦૦ને પાર પહોંચ્યો હતો. જો કે અચાનક નાટ્યાત્મક રીતે સરકારે ટેસ્ટમાં ઘટાડો કરતા હવે કોરોનાના કેસમાં પણ ઘટાડો નોંધાયો છે. સરકારે જાણે કોરોનાને કાબુમાં લેવાની અક્સીર દવા શોધી કાઢી છે. ટેસ્ટ ઘટાડો દર્દીઓની સંખ્યા આપોઆપ ઘટી જશે. આજે રાજ્યમાં ૧૧૬૯ દર્દીઓ નોંધાયા હતા.

તો બીજી તરફ રાજ્યમાં ૧૪૪૨ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧,૩૩,૭૫૨ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૫૦,૯૭૯ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૭૮૪.૨૯ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૫૦,૬૩,૬૮૪ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યના વિવિધ જિલ્લાઓના ૧૧૬૯ કેસ નોંધાયા છે. જ્યારે ૧૪૪૨ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફર્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧,૩૩,૭૫૨ દર્દીઓ સાજા થયા છે. રાજ્યનો દર્દીઓ સાજા થવાનો દર ૮૭.૫૫% ટકા છે.

રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૮૮,૮૦૬ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫,૮૮,૪૦૭ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૩૯૯ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રિકવરી રેટ ૮૭.૫૫ ટકા છે જે ખુબ જ સારો હોવાનું સરકાર દ્વારા જણાવવામાં આવી રહ્યા છે.

જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૫૪૩૬ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૭૮ છે. જ્યારે ૧૫૩૫૮ લોકો સ્ટેબલ છે. ૧૩૩૭૫૨ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૩૫૭૭ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૦૮ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનમાં ૩, સુરત કોર્પોરેશન ૨, ગાંધીનગર ૧, રાજકોટ કોર્પોરેશન ૧ અને સુરતના ૧ દર્દી સહિત ગુજરાતમાં કુલ ૦૯ કોરોના દર્દીઓનાં મોત નિપજ્યાં છે.



### મોડાસામાં વિશ્વ દીકરી દિવસની ઉજવણી

રવિવાર ૧૧ ઓક્ટોબર એટલે વિશ્વ દીકરી દિવસની ઉજવણી મોડાસા ખાતે જાયન્ટ્સ મોડાસા દ્વારા નાની નાની દીકરીઓને બોલાવી તેમને ફ્રૂટ પેકેટ તેમજ મોમેન્ટો આપી તેમને સન્માનિત કરી તેમના ચહેરા પર ખુશી લાવવાનો પ્રયત્ન કર્યો હતો. સ્ત્રી કે દીકરી આપણા ભારતીય સંસ્કૃતિમાં એ પૂજનીય અને સન્માનનીય છે. બાલિકા(દીકરી) માટે સરકારે ઘણીબધી યોજનાઓ તેમના જન્મથી જીવનના અંતિમ પડાવ સુધી છે. સમૃદ્ધિ માટે, કેળવણી માટે, મેરેજ માટે જીવનના અનેક ક્ષેત્રે સરકારી યોજનાઓ બાલિકા કેળવણી સ્ત્રી ઉત્કર્ષ માટે છે, ત્યારે આ બાલિકાઓમાં ઉત્સાહ જળવાઈ રહે હેતુસર આજે આ ખાસ વિશ્વ દીકરી દિવસની ઉજવણી જાયન્ટ્સ મોડાસા દ્વારા કરવામાં આવી હતી.

# વિકાસના પાયામાં કાયદાનું કડક પાલન મહત્વનું : રૂપાણી

## કાયદાની જાળવણીમાં શાંતિ-સલામતિને ડહોળનારાઓ સામે ગુજરાત પોલીસ ઝીરો ટોલરન્સથી સતત કાર્યરત

ગાંધીનગર,તા.૧૨
રાજયના સર્વગ્રાહી વિકાસના પાયામાં સુદ્રઢ કાયદો વ્યવસ્થાની સ્થિતી છે તેવો મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સ્પષ્ટ મત વ્યકત કર્યો છે. તેમણે આ સંદર્ભમાં રાજ્ય પોલીસદળને અભિનંદન આપતાં જણાવ્યું કે, કાયદો વ્યવસ્થાની જાળવણીમાં શાંતિ-સલામતિ ડહોળનારાઓ સામે રાજ્યનું પોલીસદળ ઝિરો ટોલરન્સથી કાર્યરત છે. મુખ્યમંત્રીએ ભાવનગર રેન્જ આઈજી કચેરીના ૩.૯૦ કરોડના ખર્ચે બનનારા અદ્યતન ભવન સહિત ત્રણ પોલીસ લાઈન, ડોગ કેનાલના ખાતમૂર્હત અને સનેસ પોલીસ મથકના લોકાર્પણ સહિત ૪૧.૩૬ કરોડના વિકાસ કામોની ભેટ ઈ-લોકાર્પણ-ખાતમૂહર્ત દ્વારા ભાવનગરને આપી હતી. ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજા, મહિલા-બાળ કલ્યાણ રાજયમંત્રી વિભાવરીબહેન દવે આ વેળાએ ગાંધીનગરથી મુખ્યમંત્રી સાથે વિડીયો કોન્ફરન્સમાં સહભાગી થયા હતા. મુખયમંત્રીએ ગુજરાત પોલીસ દેશભરમાં શ્રેષ્ઠતામાં અગ્રેસર છે તેની ભૂમિકા આપતાં ઉમેર્યુ કે, ગુજરાતમાં ક્રાઈમ રેઈટ ઘટયો છે અને કન્વીકશન રેઈટ વધ્યો છે. આપણે કાયદાઓ વધુ કડક બનાવીને અસામાજિક તત્વો, ગુંડાગર્દી કરનારાઓ સામે સખ્તાઈથી પેશ આવવા સાથે હુલ્લડ-મૂકત ગુજરાત બનાવી લોકોની સુખ-સમૃદ્ધિ શાંતિ-સલામતિથી ગાંધી-સરદારનું ગુજરાત પ્રસ્થાપિત કરવું છે એમ તેમણે ઉમેર્યુ હતું. વિજય રૂપાણીએ જણાવ્યું કે, પ્રજાની જાન-માલની રક્ષા કરનારા પોલીસ કર્મીઓને કપરી ફરજો પછી ઘરે આવે ત્યારે માનસિક શાંતિ મળે, તેમનું જીવન પ્રફૂલ્લિત-તનાવમુકત રહે તેવી આવાસ સગવડો આપણે સુવિધાસભર પોલીસ આવાસોના નિર્માણથી આપી છે. મુખ્યમંત્રીએ કોરોના સંક્રમણને કારણે વિકાસની ગતિ અટકી નથી તેનો વિશેષ ઉલ્લેખ કરતાં જણાવ્યું કે સવા અગિયાર હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસ કામોના લોકાર્પણ-ભૂમિપૂજન આ કોરોના કાળ દરમ્યાન ડિઝીટલી કર્યા છે. તેમણે કોરોના સંક્રમણ સામે જનસહયોગ, વહિવટીતંત્ર અને આરોગ્ય, પોલીસ સહિતના વિભાગોની ફરજનિષ્ઠાથી ગુજરાતમાં કોરોનાનો વ્યાપ નિયંત્રણમાં રાખી શકાયો છે તેની વિસ્તૃત છણાવટ કરી હતી. મુખ્યમંત્રીએ કહ્યું કે, ગુજરાતમાં અત્યાર સુધીમાં ૫૦ લાખ જેટલા ટેસ્ટ કર્યા છે એટલે કે રાજ્યની વસ્તીના ૮ ટકાને આવરી લીધા છે. આપણો પેશન્ટ રિકવરી રેટ ૮૭ ટકા અને મૃત્યુદર ઘટીને ૩ ટકા



જેટલો થયો છે. કોરોના સંક્રમણ કાળમાં ડિઝીટલી લોકાર્પણ-ખાતમૂર્હતની નવી કેડી આપણે વિકસાવીને વિકાસ કામોની ગતિ જાળવી રાખી છે એમ પણ મુખ્યમંત્રીએ ઉમેર્યુ હતું. ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું કે, છેલ્લા ૩ વર્ષમાં ગુજરાત પોલીસમાં ૪૦ હજાર જેટલી નવી ભરતી થવાના પરિણામે પોલીસ દળના સ્કીલ અને સાઈઝ બેય વધ્યા છે. તેમણે આ પોલીસકર્મીઓને સગવડતા વાળા અને મોકળાશયુકત રહેઠાણ મળી રહે તે માટે મુખ્યમંત્રી વિજય રૂપાણીની પ્રેરણાથી હવે પોલીસ કોન્સ્ટેબલ કક્ષાના કર્મીને પણ બે રૂમ રસોડાના અદ્યતન આવાસ આપવામાં આવે છે તેની સરાહના કરી હતી.

# પાક નુકશાનીની રકમ સત્વરે ચુકવવા કિસાન સંઘની માંગ

## અગાઉ કરાયેલા સર્વે બાદ પાક વીમાની રકમ ન મળી હોવાનો આક્ષેપ

હિંમતનગર, તા.૧૨
સાબરકાંઠા જિલ્લામાં આ વર્ષે ચોમાસામાં પડેલા વ્યાપક વરસાદને કારણે અનેક તાલુકાઓમાં ખેડૂતોએ વાવેતર કરેલ ચોમાસુ પાકને નુકશાન થયુ હોવા છતા રાજય સરકારે સાબરકાંઠાના ખેડૂતો સાથે કિન્નાખોરી રાખી પાક નુકશાનીના વળતરથી ખેડૂતોને વંચિત રાખ્યા છે. જે અંગે સોમવારે હિંમતનગર ખાતે ભારતીય કિસાન સંઘના અગ્રણીઓની બેઠકમાં ચર્ચા કરાયા બાદ ખેડૂતોને નુકશાનીનું વળતર ચુકવવાની માંગ કરવામાં આવી છે તેમજ ગત વર્ષે જે ખેડૂતોએ વીમાનું પ્રિમીયમ ભર્યું હતું. તેમને પણ વળતર ચુકવવુ જોઈએ.

આ અંગે કિસાન સંઘના હિંમતનગર તાલુકા એકમના અગ્રણી દુરસિંહ પરમાર, મુકેશભાઈ પટેલ તથા દિનેશભાઈ પટેલના જણાવાયા મુજબ આ વર્ષે હિંમતનગર તાલુકા સહિત જિલ્લાના અનેક ઠેકાણે પડેલા વધુ વરસાદને કારણે ખેડૂતોનો ચોમાસુ પાક નિષ્ફળ ગયો છે. જેથી તેવા ખેડૂતોને સરકારે સર્વે કર્યા બાદ નુકશાનીની રકમ ચુકવવી જોઈએ પરંતુ સરકારે સાબરકાંઠાના આ ખેડૂતોને અન્યાય કર્યો છે. ઉપરાંત સમાન વીજદર અને ફક્સ ચાર્જ માટે પણ સરકારે હકારાત્મક કાર્યવાહી કરવી જોઈએ.

આ ઉપરાંત વર્ષ ૨૦૧૯-૨૦ માં સરકારે ખેડૂતોના ધિરાણમાંથી પાકવીમાનું પ્રિમીયમ કાપી લીધુ હતું. જોકે પ્રિમીયમમાં જણાવાયા મુજબ જે પાકમાં નુકશાન થયુ હોય તે પેટે વીમા કંપનીએ અસરગ્રસ્ત ખેડૂતને વળતર ચુકવવાની જોગવાઈ હોવા છતા જિલ્લાના અનેક ખેડૂતો તેનાથી વંચિત છે. આ ઉપરાંત કેસીસી લેનાર ખેડૂતો પાસેથી અનેક કિસ્સાઓમાં વ્યાજ વસુલવામાં આવતુ હોવાનો આક્ષેપ કરીને કિસાન સંઘે ફક્ત મુદલ જ વસુલ લેવુ જોઈએ તેવી માંગ કરી છે.



## આપની આજ
- ભાવેશ એન પટ્ટણી

### આજનું પંચાંગ

ઉદિત તિથિ : કૃષ્ણ પક્ષ એકાદશી, બપોરે ૨ વાગીને ૩૫ મિનિટથી કૃષ્ણ દ્વાદશી
વાર : મંગળ
નક્ષત્ર : મઘા રાત્રે ૧૦ વાગીને ૫૫ મિનિટ સુધી, ત્યાર બાદ પૂર્વાફાલ્ગુની
કરણ : બાલવ બપોરે ૨ વાગીને ૩૫ મિનિટ સુધી, ત્યાર બાદ કૌલવ
યોગ : શુભ સાંજે ૫ વાગીને ૪૩ મિનિટ સુધી, ત્યાર બાદ શુક્લ
આજની રાશિ : સિંહ
રાશિ ના અક્ષરો : મ અને ટ

### આજનું રાશિ ફળ (જન્મની ચંદ્ર રાશિ મુજબ)

મેષ — કાર્યસ્થળ પર પોતાની ક્ષમતાઓ પુરવાર કરી શકશો. ઉગ્રતાને હકારત્મક ઊર્જામાં પરિવર્તિત કરશો તો આપને જ લાભ થશે. ઝઘડવામાં શક્તિઓનો વ્યય ન કરવો. સંતાનોની પ્રગતિ અંગે વિચારો આવશે. શેરબજારમાં રોકાણ ટાળવું.

વૃષભ — બહુ કામ કરવાનું મન ન થાય. આરામ કરવાની ઈચ્છા થાય.બીજાઓ આપનું કામ કરી આપે કે તેમાં સહકાર આપે તો વધારે ગમે. કોઈ ટીકા કરે તો તેને સકારાત્મક રીતે લેશો. બીજાઓ આપનું ભલું જ ઈચ્છે છે, તે દ્રષ્ટિકોણથી વિચારજો.

મિથુન — નવું સાહસ કરવાની ઈચ્છા જાગૃત થાય. જેટલા વિચારો આવે તેટલા આચારમાં મૂકી શકાય તેવા ન હોય. અવ્યવહારુ કામો કરવાં નહીં. ભાઈઓ કે પાડોશીઓ સાથે અણબનાવ થવાની શક્યતાઓ નકારી શકાય નહીં.

કર્ક — આર્થિક બાબતોના વિચાર આવ્યા કરે. કુટુંબીજનો માટે વધુ શું થઈ શકે તે અંગેના વિચારો આવે. આપ બીજાઓને સમય આપો અને બીજાઓ માટે જીવતાં હોવ તેવો અનુભવ થાય. જીવન પ્રત્યે આજે પ્રેક્ટિકલ અપ્રોચ રાખશો તો વધુ સુખી થશો.

સિંહ — આજનો દિવસ આપનો દિવસ છે. આપ ધાર્યું કરવા ઈચ્છશો પણ તેમ કરતાં બીજા લોકો દુઃખી ન થાય તે ખાસ જોવું. આજે અન્ય લોકો આપને કદાચ કન્વિન્સ નહીં કરી શકે. બીજા લોકો ઉપર હુકમ ચલાવવો ગમશે. કોઈ ખુશામત કરીને આપની પાસે કામ કઢાવી શકશે.

કન્યા — ખર્ચની માત્રા વધવાની શક્યતા છે. લોકો સાથે ઈન્ટરેક્શન કરવું બહુ ગમે નહીં. આધ્યાત્મ તરફ ધ્યાન આપો. તબિયતનું ધ્યાન રાખો. બીજા લોકોના ઓપિનિયન્સ આપને આજે તકલીફ આપી શકે છે તેથી બને તો બહુ વાર્તાલાપ કરવો નહીં, કામ પૂરતી વાત કરવી.

તુલા — પોતાની કરતાં ઊંચી જગ્યાએ બિરાજમાન મિત્રોથી લાભ થવાની શક્યતા. નવા મિત્રો બનાવી શકાય. આજના દિવસ દરમિયાન ખર્ચ થોડોક વધે પણ આવક મધ્યમસર જ રહે. નવો બિઝનેસ કે નવું કામ ઉત્સાહમાં આવીને કરી લેવાને બદલે, વ્યવહારિક અભિગમ રાખવો.

વૃશ્ચિક — નોકરી અને વ્યવસાય પ્રત્યે ધ્યાન વધારે કેન્દ્રિત થાય અને એવું લાગે કે સંજોગો ખુબ ડિમાન્ડિંગ છે. આજે નોકરી કે ધંધામાં મહત્વનાં નિર્ણયો લેવાના થાય. પરફોર્મન્સનું પ્રેશર રહે. પરિવારજનોને ઓછો સમય આપી શકાશે.

ધન — દૂર વસતાં લોકો સાથે જો સંપર્ક રાખવામાં આવે તો લાભ થઈ શકે. ધ્યાન રાખજો કે બીજા લોકો આપની ભલમનસાઈનો લાભ ન ઉઠાવે. બીજા લોકો આપને આપની અપેક્ષા મુજબ મદદરૂપ ન થાય તેવું બને. ધ્યાન રાખવું કે ખોટા ખર્ચ ન થઈ જાય. બિનજરૂરી વસ્તુઓ ખરીદવાનું ટાળો.

મકર — જીવનમાં શું મેળવ્યું અને શું ગુમાવ્યું, એવાં વિચારો આવે. એમ થાય કે - 'આ બધું હું કોના માટે અને શા માટે કરું છું?' વધુ શાંતિ હોય તેવી જિંદગી ઈચ્છો. નકારાત્મક વિચારો અને નકારાત્મક લોકો સાથે સંપર્ક ટાળવો. બને ત્યાં સુધી સમતા જાળવવી અને કોઈ પૂર્વગ્રહ ન બાંધવો.

કુંભ — બીજા લોકો તમારા જીવનમાં વધુ મહત્વ ધરાવશે. આપને એવું લાગશે કે લોકો આપની સાથે સંપર્ક વધારવા ઈચ્છે છે. જો કે એમાંના મોટા ભાગના લોકો પોતાના સ્વાર્થ માટે આવું કરી રહયાં હશે. લાગણીઓનો ઘડો ભરાઈ રહ્યો છે. કોઈની સામે ઠાલવજો, નહીંતર મનમાં ને મનમાં દુઃખી થયા કરશો.

મીન — સંજોગો બધું જ નક્કી કરશે. જેટલાં ફ્લેક્સિબલ રહેશો - તરલ રહેશો, એટલું વધુ સારું રહેશે. અન્ય લોકોને જેટલું મહત્વ આપો છો, તેટલું જ આપ પોતાની જાતને મહત્વ આપતાં શીખો. રચનાત્મક કાર્યોનો પાયો નાખવા માટે ઉત્તમ દિવસ છે.

મોબાઈલ ૯૮૨૫૪૭૩૬૬૫
Email:- info@BhaveshNPattni.com
Website:- www.BhaveshNPattni.com

### દિવાળી ભેટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાળા માટે આપવાની પણ જાહેરાત કરી છે. જેમાં ૨૫૦૦ કરોડ (નોર્થઈસ્ટ) માટે અને ઉત્તરાખંડને ૧૬૦૦ જ્યારે હિમાચલને ૯૦૦ કરોડની ફાળવણી પહેલા તબક્કામાં કરાશે. બીજા તબક્કામાં અન્ય રાજ્યોને ૭૫૦૦ કરોડ રુપિયા ફાળવવામાં આવશે. જ્યારે ત્રીજા તબક્કામાં ૨૦૦૦ કરોડ એવા રાજ્યોને અપાશે કે જેમણે આત્મનિર્ભર ફિસ્કલ ડેફિશીટ પેકેજ હેઠળ ચારમાંથી ત્રણ સુધારાનો અમલ કર્યો હશે તેમને આપવામાં આવશે. પહેલા અને બીજા તબક્કાની વ્યાજમુક્ત લોન રાજ્યોએ ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી ઉપયોગમાં લેવાની રહેશે. તેનો ૫૦ ટકા ભાગ શરુઆતમાં અપાશે, અને બાકીનો હિસ્સો જે રકમ ફાળવાઈ છે તેનો કેટલો ઉપયોગ થયો છે તેને આધારે અપાશે.

### વીજળી ડૂલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ટેકનિકલ પ્રોબ્લેમ સર્જાતા મોટાભાગના વિસ્તારોમાં વીજળીનો પુરવઠો અટવાઈ ગયો હતો. દોઢેક કલાક બાદ કેટલાક વિસ્તારોમાં લાઈટ આવી ગઈ હતી. સૂત્રોનું માનીએ તો, જેમાં ટેકનિકલ ફોલ્ટ થયો તે લાઈનમાં અનેક ટ્રાન્સફોર્મર આવેલા છે, જે મુંબઈને પાવર સપ્લાય કરે છે. આ ઉપરાંત, લોકલ ટ્રેનો પણ તેના પર જ ચાલે છે. આજે અચાનક લાઈટ ગયા બાદ લોકલ ટ્રેનો પણ જ્યાં હતી ત્યાં જ ઉભી રહી ગઈ હતી. જેના લીધે તેમાં મુસાફરી કરી રહેલા લોકોને પગપાળા જ ટ્રેક પર ચાલવાની ફરજ પડી હતી. વેસ્ટર્ન રેલવેના જણાવ્યા અનુસાર, ટાટા પાવર કંપનીની ગ્રીડ ફેલ થઈ જવાથી ચર્ચગેટ-બોરીવલી લાઈન પર ટ્રેનોનું સંચાલન ખોરવાઈ ગયું હતું. બપોરે ૧૨ વાગ્યાની આસપાસ કલ્યાણ, ભાંડુપ, વિક્રોલી તેમજ નવી મુંબઈના કેટલાક વિસ્તારોમાં પાવર સપ્લાય શરુ કરી દેવાયો હતો.

### ચાલ ચાલે છે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તે તેના સૈનિકોને થોડા પાછા ખેંચે, તો શું ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (પીએલએ) ફિંગર ૮ સુધી મર્યાદિત રહેશે. હવે ભારત અને ચીન વચ્ચે નોર્થ બેંક - સાઉથ બેંકનું પેકેજ ડીલ થઈ રહ્યું છે. આ અંતર્ગત ભારતે ચીનને પેંગોંગ તળાવના અનુક્રમે દક્ષિણ અને ઉત્તરીય છેડેથી સૈનિકો પરત ખેંચવા જણાવ્યું છે. પરંતુ ચીન વધુ વિકરાળ બની રહ્યું છે. સ્પાંગુરથી લઈને રિચિન લા સુધી, સમગ્ર દક્ષિણના છેડેથી વ્યૂહાત્મક સ્થળોએ તૈનાત ભારતના સૈનિકો ખૂબ જ ખૂંચે છે, પરંતુ તેઓને ઉત્તરીય છેડે તેમના સૈનિકોનો મેળાવડો ગમે છે.

### ઓછા કેસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૮,૭૮,૭૨,૦૯૩ કોરોના ટેસ્ટ થઈ ચૂકયા છે. સ્વાસ્થ્ય મંત્રાલયનું કહેવું છે કે કોરોના ટેસ્ટિંગમાં આવેલી તેજીથી તેના પર કાબૂ મેળવવામાં મદદ મળી રહી છે. કોરોનાના એક્ટિવ કેસો, મૃત્યુ દર, અને રિકવરી કેસમાં ટોપ-૫ રાજ્યોમાં મહારાષ્ટ્ર, કર્ણાટક, કેરળ , આંધ્રપ્રદેશ અને તામિલનાડુ સામેલ છે. આ ટેબલ તેમના પ્રદર્શનમાં ધીમે-ધીમે સુધારો દેખાડી રહ્યા છે. દિલ્હી સરકારે ૩૧ ઓક્ટોબર સુધી રાજ્યમાં મેળા, સમારોહ, ફૂડ સ્ટોલ, ઝૂલા, રેલી અને દેખાવ પર પ્રતિબંધ લગાવી દીધો છે.

### લડાઈના મૂડમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહાનગરપાલિકામાં વહીવટીય પાંખ અને ચૂંટાયેલી પાંખ વચ્ચે ચાલ્યા આવતા ગજગ્રાહને થાળે પાડવામાં પ્રદેશ નેતૃત્વ પણ નિષ્ફળ રહ્યુ છે. હવે આ મામલો પહેલીવાર સામાન્ય સભામાં જોવા મળશે એટલે પાટનગરના રાજકીય વર્તુળોમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે.

સ્માર્ટસીટી પ્રોજેક્ટમાં શહેરના કરાયેલા સમાવેશ પછી પહેલીવાર સામાન્યસભામાં આ મુદ્દો છવાશે. આ પ્રોજેક્ટ અંતર્ગત થયેલી ભરતી થયેલા કામો, કેટલો ખર્ચ કરાયો, ક્યારે કામ શરૂ થયા ક્યારે પૂર્ણ થયા જેવા અણિયાળા સવાલો ચર્ચામાં આવશે.

શહેરમાં કોવિડ-૧૯ની સ્થિતિ અંગે પણ ખાસ દરખાસ્ત રજુ કરવામાં આવી છે. નવા નિર્માણ પામી રહેલ મનપાની કચેરીના ભવનનું નામાભિધાન કરવા માટે કોંગ્રેસ પક્ષના સેલ દ્વારા કરાયેલ રજુઆત પછી ભાજપના જ કાઉન્સીલર દ્વારા પણ આ અંગે દરખાસ્ત કરવામાં આવી છે.

લાંબા સમય પછી મળી રહેલી આ સામાન્ય સભામાં એજન્ડા પર પણ ૮ જેટલા મુદ્દાઓ છે તેની ચર્ચા થયા બાદ દરખાસ્તો પર ચર્ચા થશે તેમ જાણવા મળેલ છે. જો કે સભ્યોએ કેટલી કેટલી રજુઆતો ચર્ચામાં આવશે તે અંગે હાલ તો મનપાના સૂત્રો મૌન સેવી રહ્યા છે એટલે બેઠકને લઈ રાજકીય ઉત્તેજનાઓ ચરમસીમાએ પહોંચી છે.

### કામગીરી ઠપ્પ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મેહુલ ગજ્જરે અરજદારોની આ સમસ્યા નિવારવા માટે સોમવારે મોડી સાંજ સુધી આર ટી ઓ કચેરી કાર્યરત રાખવામાં આવી હતી. નગરના ગ માર્ગ પર સ્થિત હાઈટેક આર ટી ઓ કચેરીમાં અવારનવાર ખામી સર્જાય છે. જેના લીધે વાહન નોંધણી, લાયસન્સ સહીતની પ્રક્રીયા વિલંબમાં પડે છે. ત્યારે આ ટેકનિકલ ખામીનુ કાયમી નિવારણ આવે તે માટે પણ યોગ્ય આયોજન થાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

### ઉગ્ર વિરોધ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. ગુડાની ટી પી સ્કીમ નં -૧૪ શરૂ થઈ હોવાથી ગામના વિકાસમાં બિનઅધિકૃત ઝુંપડાવસાહત અવરોધરૂપ બનશે તેવો સુર પણ ઉઠવા પામ્યો છે. ગ્રામજનોએ એવો પણ રોષ વ્યકત કર્યો છે કે નગરના નિર્માણ માટે ગ્રામજનોએ મોંઘી જમીન આપી છે. જયારે સરકાર વણવપરાયેલી ખુલ્લી જગ્યાનો બિનઅધિકૃત ઉપયોગ કરી શકે નહીં. કોલવડા ગામના પ્રવેશદ્વાર સમા વિસ્તારમાં ઝુંપડાઓનુ અસ્તિત્વ વધતા અસામાજિક તત્વોનો ત્રાસ વધશે ગ્રામજનો આ મામલે આગ બબુલા બન્યા છે. ગાંધી મંદિરના વિસ્તારમાંથી ખસેડવામાં આવેલા ઝુંપડાવાસીઓને આ જગ્યા ફાળવવામાં આવશે તો ગ્રામજનો દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે. ઝુંપડાવાસીઓ ગ્રામજનોના રોષનો ભોગ બનશે તો જવાબદારી સંબંધિત અધિકારીઓની રહેશે તેમ પણ ગ્રામજનોએ રજુઆતમાં જણાંવ્યુ છે.

### ૧૬ નવા કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દહેગામ તાલુકામાં પણ આજે બે કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાંથી એક અને અર્બનમાંથી એક કેસ મળી આવેલ છે. વાસણા રાઠોડ ગામેથી ૬૯ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. અર્બન વિસ્તારમાંથી ૩૨ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે જેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

માણસા તાલુકામાંથી આજે પાંચ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. જેમાં ૪ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને એક કેસ અર્બન વિસ્તારમાંથી મળ્યો છે.

તાલુકાના ઈટાદરા ગામેથી ૬૫ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

મહુડી ગામેથી સતત બીજે દિવસે પણ ૩ કેસ મળ્યા છે. જેમાં બે મહિલા અને એક વિદ્યાર્થીનો સમાવેશ થાય છે. ૫૦ વર્ષીય ગૃહીણી, ૫૮ વર્ષીય ગૃહીણી અને ૨૯ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ત્રણેય હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

અર્બન વિસ્તારમાંથી નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

કલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે બે કેસ મળી આવ્યા છે. મોટી ભોંયણ ગામેથી ૬૯ વર્ષીય પુરૂષ તેમજ સઈજ ગામેથી ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લામાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રએ જણાવ્યુ છે કે આજે ૧૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ અપાયુ છે. આ સાથે જિલ્લામાં ૨૦૭૩ લોકો કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૧૬૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જ્યારે ૧૫,૩૨૮ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રખાયા છે.

### નવા ૧૮ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્વીકાર્યો છે. આ ઉપરાંત ૫૯ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ કર્મયોગીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨ માં આજે વધુ ૪ કેસ મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. સે. ૨ માંથી ૫૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે. સે. ૨ માંથી ૭૨ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે એસ.એમ.વી.એસ.માં દાખલ કરાયા છે. સે. ૨ માંથી ૫૬ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્ય છે. સે. ૨ માં રહેતી અને બોપલ ખાતે આસિ. પ્રોફેસર તરીકે સેવારત ૩૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૧માંથી ૩૨ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૬ માં રહેતા અને અમદાવાદ ખાતે ગ્રાફીક ડિઝાઈન હબ સાથે સંકળાયેલ ૩૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણે હોમ આઈસોલેશન સ્વીકાર્યુ છે.

સે. ૭ માંથી પણ આજે વધુ બે કેસ મળી આવ્યા છે. ૪૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત કૃષિભવનમાં ક્લાર્ક તરીકે ફરજો બજાવતી ૨૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૪ માંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. આસિ. ડેપો મેનેજર તરીકે જીએમએસસીએસમાં ફરજો બજાવતા ૩૪ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૫૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૬ માં આજે કોરોનાએ તેનુ આક્રમક રૂપ દેખાડ્યુ છે. આજે આ સેક્ટરમાંથી ૩ કેસ નોંધાયા છે. ખાનગી પ્રેસમાં જાહેર ખબર સલાહકાર તરીકે કામ કરતા ૫૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત એડવાઈઝીંગ એજન્સી સાથે સંકળાયેલ ૨૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત ૨૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે એસ.એમ.વી.એસ. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨૮ માંથી ૫૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. સે. ૨૯ માંથી ૪૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૨ માંથી ૮૦ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે એક જ દિવસમાં ૨૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત છે.

શહેરમાં આજે ૨૩૦ જેટલા કન્ટેનમેન્ટ ઝોનમાં ૧૬ હજારથી વધુ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

### વાયરસની તસવીર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લી અને તેમની ટીમે વાયરસથી ભરેલા પ્રવાહીને એક ડ્રોપની અંદર મૂક્યું. ત્યારપછી લી અને તેની ટીમે ક્રયો-ઈલેક્ટ્રોનિક માઈક્રોસ્કોપથી વાયરસને જોયો. લીએ ન્યૂયોર્ક ટાઈમ્સ સાથેની વાતચીતમાં કહ્યું કે, મેં એક સ્ક્રીન જોઈ, જે સંપૂર્ણપણે કોરોના વાયરસથી ભરેલી હતી, તે દેખાવામાં એક ઈંચના એક મિલિયનના ભાગ કરતા પણ ઓછી હતી. તેમણે કહ્યું, 'હું સમજું છું કે હું વિશ્વનો પહેલો વ્યક્તિ છું જેણે વાયરસને આટલી નજીકથી જોયો છે.'

લીની આ તસવીરોથી વૈજ્ઞાનિકોને જાણવા મળ્યું છે કે, વાયરસના કેટલાક પ્રોટીન માનવ કોષોમાં કેવી રીતે ઘૂસી જાય છે. આ તસવીરોથી વૈજ્ઞાનિકોને એ પણ જાણવા મળ્યું છે કે કેવી રીતે દૂષિત જીન્સ માનવ બાયોકેમિસ્ટ્રીને પકડે છે. સંશોધનકારોએ શોધી કાઢ્યુ છે કે કેટલાક વાયરલ પ્રોટીન આપણા સેલ્યુલર (સજીવ કોષ) ફેક્ટરી પર કહેર મચાવે છે, અને અન્ય વાયરલ પ્રોટીન નવા વાયરસ બનાવવા માટે નર્સરી બનાવે છે.